## સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત

ब्राह्मणोऽस्य मुखमासित्

રજી. નં. A/3352, અમદાવાદ



# મહાલક્ષ્મી માતાના વિવિધ સ્થાનોના દર્શનની ઝાંખી



ડુંગરપૂર



શહેરા



ખેડા



મહુધા



કાવીઠા



મધવાસ



અમદાવાદ



પેથાપુર



કાલોલ



રાજકોટ



ડાકોર



કોલ્હાપુર

श्री महालक्ष्म्यै नमः    उत्तिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत    महालक्ष्मी प्रसन्नाऽस्तु

"જાગો, ઊઠો, વિરમો નહિ, સાધો આશય ના જ્યાં સુધી"

સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત. રજી. નં. A/3352, Ahmedabad

# શ્રીગૌડ જાગૃતિ

## મુખપત્ર

પ્રકાશક અને પ્રમુખ : શ્રી કમલેશ એસ. પાઠક, સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત.

એપ્રિલ-મે-જૂન : ૨૦૨૧ | www.sssgujarat.org

**મંત્રી**
**શ્રી યોગેશ શુક્લ**
**મો. ૯૮૨૪૦ ૫૮૭૯૯**

**ખજાનચી**
**શ્રી પ્રવિણ પુરોહિત**
**મો. ૯૮૨૪૩૫૮૨૯૭**

**તંત્રી**
**પ્રિ.ડો. બંસીધર ઉપાધ્યાય**
**મો. ૯૮૨૪૪ ૦૬૩૮૧**

**સંપાદક**
**શ્રી રાજેશ પંડ્યા**
**મો. ૯૯૯૮૭ ૧૬૫૭૭**

**તંત્રી સ્થાનેથી...**

સુજ્ઞ જ્ઞાતિજનો, વડિલો, મુરબ્બીઓ, મિત્રો, સૌને પ્રિ.ડૉ.બંસીધર ઉપાધ્યાયના સસ્નેહ જય મહાલક્ષ્મી, જય ભગવાન.

કુશળ હશો, સૌની સપરિવાર કુશળતા વાંછું છું. ગયા એપ્રિલમાં 'જાગૃત્તિ'ની પીડીએફ (PDF) આવૃત્તિ દ્વારા મળ્યા હતા. એ પછી કોરોનાની વૈશ્વિક મહામારીએ તેની તીવ્રતાની પ્રચંડ શક્તિ બતાવી વિશ્વ આખું હતપ્રભ બન્યું. સર્વે રીતે દેશ આપણો અને વિશ્વ આર્થિક રીતે અને શારીરિક, માનસિક રીતે પણ ભાંગી પડ્યા જેવી સ્થિતિ ઊભી થઈ હતી, પણ કુલેશ્વરી આદ્યશક્તિની કૃપાથી હવે ધીમે ધીમે આ મહામારીમાંથી બહાર આવી રહ્યા છીએ અને આશા રાખીએ કે ત્રીજી લહેરતી આપણે બચી જઈએ.

અશ્રુભરાઈ આવે છે, હૃદય હચમચી જાય છે જ્યારે દિવંગત જ્ઞાતિજનો, સ્વજનોની નોંધ તૈયાર કરી રહ્યા છે ત્યારે, ગયા જાન્યુઆરીથી માર્ચમાં આપણે સેંકડો શ્રીજનોને ગુમાવ્યા અને માર્ચ, એપ્રિલ, મે અને જૂનમાં તો એથી પણ વધારે શ્રીજનો સ્વર્ગે સિધાવ્યા. જેની લાંબી યાત્રાની તો હજી ઘણીવાર હતી તેવા કેટલાય શ્રીબંધુઓ અકાળે આ કારમી મહામારીમાં સપડાયા અને પિતાના હાથે પુત્રને અગ્નિદાહ આપવો પડ્યો, એવી સ્થિતિનું નિર્માણ થતું ગયું, કે સ્વજનો હાજર પણ ન રહી શકે, અંતિમ દર્શન પણ પામી ન શકે અને અંત્યેષ્ઠી ક્રિયાઓ થઈ કે ન થઈ પ્રભુ જાણે ! શું થવા બેઠું છે એનો કોઈને ખ્યાલ પણ ન આવ્યો, આ બધામાંથી ધીમે ધીમે બહાર આવી રહ્યા છે એ પણ પ્રભુની જ કૃપા છે.


પ્રારંભના તબક્કામાં ગયા વર્ષે ઉત્સાહ અને ધગશથી જ્ઞાતિબંધુઓએ એક બીજાની મદદ કરવાનો પ્રયત્ન કર્યો હતો. કોઈકને રોકડ આર્થિક સહાય

કે કોઈને અનાજની કીટનું વિતરણ કર્યું હતું. પણ બીજી લહેર વખતે તો આવો કોઈ અવકાશ જ ન મળ્યો. ન બહાર નીકળાય કે ન તો કોઈ મિટિંગ યોજાય. આમ છતાં કોરોનાથી સંક્રમિત વ્યક્તિ કે પરિવારને અલગ સ્થાનોએ અનાજની કીટ પહોંચાડવા માટેની ટહેલ નાંખવામાં આવી હતી તેમાં મેં, પ્રમુખશ્રી, મંત્રીશ્રી અને બીજા કેટલાય શ્રી બંધુઓ આગળ આવી સારી એવી મદદ કરી હતી. એ આપણામાં પડેલી એકબીજાને મદદ કરવાની ભાવના કહી આપે છે.

શ્રીબંધુઓ, ભગિનીઓ માત્ર પૈસા જ આપવાથી મદદ થતી નથી પણ તેનું આયોજન કરવું એક બીજાનો સાથ લઈ ગોઠવણ કરવી. આ બધામાં મુશ્કેલીના સમયે એક થવું જરૂરી છે. આટલી મોટી જ્ઞાતિ સમૂહમાંથી ગણ્યાં ગાંઠ્યા માણસો જ આ વખતે મદદમાં આવ્યા ! માત્ર વીસ હજાર જેવી રકમ એકઠી થઈ, વિચારો આપણી એકતા, મદદ કરવાની ભાવના.... ખેર ! બીજી જ્ઞાતિ સમૂહ તો ખૂબ જ આગળ પડી સેવાકીય કાર્યો કર્યા છે. ટીફીનો પહોંચાડ્યા છે. રસોડાં ચાલુ કર્યાં છે. ઘણાં દિલદારી શ્રીબંધુઓએ ખૂબ સેવા કરી છે. મંદિરો અને વાડીઓમાં રસોડાં કરી ટીફીનો પહોંચાડ્યા છે. જો કે આપણામાં જ ઘણા પક્ષોના આગેવાનોએ પણ સેવાકાર્યો કર્યા છે. પ્રભુ આવા દિલદાર મહાનુભાવોને નિરામય આયુષ્ય સાથે દીર્ઘજીવન બક્ષે.

આ જાગૃતિ જ આપણું એક એવું માધ્યમ છે કે કોઈને કોઈ રીતે આપણે વાચા આપીએ. આપણાં સુખ દુઃખને વહેંચી શકીએ. આવી જાગૃતિને પણ પગભર બનાવવા સારાં માઠાં પ્રસંગે તેને યાદ કરી કંઈક પ્રદાન કરીએ, જાહેરાતો, શ્રદ્ધાંજલિઓ, અભિનંદનના પ્રસંગે નાની-મામુલી રકમ આપી એનો થતો ખર્ચો નીકળી જાય તો પણ ઘણું છે. એકલા પ્રમુખશ્રી, મંત્રીઓ કે હોદ્દેદારોનું જ આ કામ નથી. આવાં પ્રસંગોએ તો સૌ સાથે રહીને જ માર્ગ કાઢવો પડે.

આશા છે આ પણ આપણા શ્રીમંડળને, જાગૃતિને વારંવાર યાદ કરી સુખ દુઃખના સમાચારોની આપ-લે કરી નજીક આવવાનો પ્રયત્ન કરીએ. હવે વાતાવરણ સુધરતાં પુનઃ આપણે સૌ એક બની, નેક બની સમાજને વધુ પ્રગતિના પંથે લાવીએ. બધાની પાસે હોદ્દારોના ફોન નંબર છે જ તેમની સાથે સીધા સંપર્કમાં આવી મદદરૂપ થવા પ્રયત્ન કરશો. આપણી આ જાગૃત્તિમાં શુભેચ્છક તરીકે નામ નોંધાવો, જાહેરાતો આપો, અપાવો અને આપણી કુળદેવીના સ્થાનોની જાણકારી, મંદિરના ફોટો માતાના મુખારવિંદના ફોટા આપી તેવા સ્થાનોને જાગૃત કરવામાં મદદરૂપ થાવ તેવી સૌને મારી નમ્ર અપીલ સાથે પ્રણામ.



સંગછધ્વં સંવદધ્વં સંવો મનાંસિ જાયતમ્.... એ વૈદિક મંત્રથી આપણા સૌનું ઐક્ય, સદાય સંગઠિન રહે અને પ્રગતિ સાધી મહાલક્ષ્મીમાની કૃપા પાત્ર બનીએ તે જ અભ્યર્થના.

- પ્રિ.ડૉ.બંસીધર ઉપાધ્યાય

(પૂર્વ કુલપતિ, યોગ યુનિ. અને પૂર્વપ્રમુખ અ.ગુ.યુ.અને કૉ.પે.સમાજ, પૂર્વપ્રમુખ, સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત)

**ડૉ. મહેશ એસ. શુક્લ, વરદાન ક્લીનીક લુણાવાડા, શ્રી ગૌડ જાગૃત્તિને શુભેચ્છા પાઠવે છે.**


# HAPPY BRITHDAY



સ્વ. પ્રતીક્ષા મુકેશ પરોહિત

તા. ૦૮-૦૬-૨૦૨૧

# શ્રદ્ધાંજલિ



ઉન્નતિ સ્કૂલમાં ડિરેક્ટર ના પદ પર ફરજ બજાવતા **શ્રી પ્રકાશભાઈ ગ. શુક્લ** આપણી વચ્ચે નથી. તા ૦૫-૧૨-૨૦૨૦ ના રોજ દેવલોક પામ્યા છે. પ્રકાશભાઈ નો જન્મ તા ૦૭-૦૧-૧૯૫૩ ના રોજ પંચમહાલ જિલ્લા ના કાંકણપુર મુકામે થયો હતો. હાઈસ્કૂલનુ અને ગ્રેજ્યુએટ નુ શિક્ષણ તેમના વતન દેવગઢ બારીયા અને પીપલોદ માં લીધુ અને બીએડ નુ શિક્ષણ ગોધરામાં લીધુ. ત્યારબાદ અમદાવાદ આવી પોસ્ટ ગ્રેજ્યુએટ થયા અને અમદાવાદ માં પાલડીમાં આવેલ ઉન્નતિ હાઈસ્કૂલમાં જોડાયા અને નવેમ્બર ૨૦૨૦ સુધી કાર્યરત રહ્યા. અમદાવાદમાં સ્થાયી થયાં બાદ પોતાના વતન અને મૂળ સિદ્ધાંતોથી જોડાયેલા અને પોતાના પરિવાર અને સમાજ માટે કંઈક કરી છૂટવાની ભાવના અને એ રીતે વટવૃક્ષની જેમ કોઈને તકલીફરૂપી તડકો ના પડે તે માટે નિષ્ઠા પૂર્વક કાર્યરત રહેતા હતા. પ્રકાશભાઈ "શ્રીગોડ જાગૃતિ" માં સભ્ય તરીકે અને નાના મોટા પ્રસંગે વાડી દ્વારા કે સ્કૂલ દ્વારા સતત મદદરૂપ થતા હતા.

સમય જિંદગીનો ઓછો હશે ક્યાં ખબર હતી, વિદાય તમારી અણધારી હશે એ ક્યાં ખબર હતી, સર્વત્ર સુવાસ ફેલાવી સંભારણા સૌના દિલમાં રાખી ગયા. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના અને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પિયે છીએ

**આપના આજ્ઞાંકિત**

| | |
|---|---|
| હર્ષિલ પ્રકાશભાઈ શુક્લ | કિંજલબેન હર્ષિલ શુક્લ |
| કલરવ પ્રકાશભાઈ શુક્લ | દેવિકાબેન કલરવ શુક્લ |
| સ્વરિત કલરવ શુક્લ | મિશ્રી હર્ષિલ શુક્લ |

## સમાચાર સંચય

- સ્વ.શાન્તાબેન ભાઈલાલભાઈ જોષી અન્નપૂર્ણા સહાય યોજના દ્વારા ગત વર્ષ ની જેમ ચાલુ વર્ષે પણ સમાજ ના આર્થિક રીતે નબળા હોય તેવા પરિવાર ને અન્નપૂર્ણા સહાય આપવાનું નક્કી કર્યું છે, ગયા વર્ષે ના જેટલું જ. - શ્રીગૌડ સાડત્રીસ સમાજ
- શ્રી કકુલ હરિપ્રસાદ પાઠક, ઉપ-પ્રમુખશ્રી પંચમહાલ જીલ્લા ભારતીય જનતા પક્ષ તરીકે હાલમાં નિમણૂંક પામેલ છે. અભિનંદન.
- શ્રી દિગીશકુમાર કુમુદચંદ્ર દવેને ગયા વર્ષે, પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનનો પ્રતિષ્ઠિત ઍવોર્ડ, ઉત્તમ શિક્ષકનો, મળ્યો હતો. સમાજ તરફથી અભિનંદન.
- ચિ. હેત શીતલ શુક્લ, અમદાવાદને પ્રતિષ્ઠિત સંસ્થા આઈ.આઈ.એમ., અમદાવાદમાં 2 વર્ષના પીજીપી-એફએબીએમ (ફૂડ એન્ડ એગ્રીબિઝનેસ મેનેજમેન્ટ) માં એડમિશન મળેલ છે. ખૂબ ખૂબ અભિનંદન.
- સમસ્ત શ્રીગોડ સમાજ ગુજરાત ટ્રસ્ટ ના ટ્રસ્ટી મંડળની કાર્યવાહીમાં શ્રી મહાલક્ષ્મી માતાજી ની કૃપાથી સરકારી હુકમ પ્રાપ્ત થઇ ગયેલ છે
- દાહોદ નગરપાલિકા તરફથી લીટલ ફ્લાવર સ્કૂલના આચાર્ય શ્રી કૃતાર્થભાઈ જોશીની દાહોદ નગર પાલિકાના સ્વચ્છ ભારત મિશનના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે નિયુક્તિ કરવામાં આવી. શ્રી કૃતાર્થભાઈ કે. જોશી ને ખૂબ ખૂબ અભિનંદન..
- ઇલાબેન જોશી પાદરા નગરપાલિકામાં અપક્ષમા બહુમતીથી વિજય થયેલ છે. અભિનંદન.
- શ્રી પિનાકીન મુકેશભાઈ શુક્લ, મહિસાગર જિલ્લા પંચાયતમાં વીરપુરની સીટ ઉપરથી ભવ્ય વિજય પ્રાપ્ત કર્યો છે. અભિનંદન.
- ગુજરાત રાજ્ય સંગીત નાટ્ય અકાદમી અને અભિગમ ગ્રૂપ સાંસ્કૃતિક વર્તુળ અમદાવાદ દ્વારા સંસ્કૃત ભાષાની દીર્ઘ સેવા આપનાર પ્રા.ડૉ. બંસીધર ઉપાધ્યાય નું બહુમાન કરવામાં આવેલ છે. પ્રિ. ઉપાધ્યાય પેન્શનર સમાજના પ્રમુખ પણ છે.
- ડૉ. મીત અશ્વિન દવે શ્રી રંગ અવધૂત હોસ્પિટલ, નારેશ્વર ખાતે બે માસથી covid સેન્ટર ચલાવી રહ્યા છે.
- શ્રી ગૌડ ૩૭ સમાજ દ્વારા સપ્તસતી ચંડી પાઠનું સામૂહિક પઠન કરીને કોરોના કાળમાં દેવલોક પામેલા સમાજના સ્વજનોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.
- શ્રી દિગીશભાઈ કુમુદચંદ્ર દવે(અમદાવાદ) દ્વારા ધોરણ ૧૨ બૉર્ડના વિદ્યાર્થીઓ માટે અગત્યનો B.Voc. કોર્ષની શરૂઆત કરવામાં આવી છે વધુ વિગત માટે મો. ૮૫૧૧૧૮૪૧૮૪ પર સંપર્ક કરવો.
- કોરોનાની મહામારીની બીજી લહેરમાં પણ શ્રી સમાજના કેટલાક મિત્રો જેમાં પ્રમુખશ્રી કમલેશભાઈ

પાઠક, તંત્રી અને પૂર્વ પ્રમુખ પ્રિ. ડૉ. બંસીધર ઉપાધ્યાય, સ્વ. ભરતકુમાર મહેન્દ્રપ્રસાદ શુક્લના સ્મરણાર્થે તેમના પરિવાર તરફથી પાંચ-પાંચ હજાર અને બાકીના મિત્રો જેમાં વનશ્રી યોગેશભાઈ શુકલ, શ્રી કલ્પેશભાઈ પાઠક, શ્રી જયંતભાઈ જોષી, નિલાબેન મયંકભાઈ પાઠક, શ્રી રમેશભાઈ નરેન્દ્રકુમાર પાઠક, શ્રી શ્યામસુંદર સુરેન્દ્રભાઈ જોષી અને શ્રી સંજયભાઈ ભટ્ટએ નાની મોટી રકમ ભેગી કરી રૂ.૨૫ હજાર જેવી રકમ દ્વારા ટીફીન અને અનાજ કીટ પહોંચાડવામાં મદદરૂપ થાય છે. આભાર. આ કાર્યમાં મંત્રી શ્રી યોગેશ શુકલ, પ્રવિણભાઈ પુરોહિત અને નિરવ દવેનો પુરુષાર્થ જરૂરિયાતમંદોને મળ્યો છે. સૌનો આભાર.

- હિમાંશી પંડિત અને જીગર પંડ્યાની આર્થિક મદદ માટેની ટેહલમાં સમસ્ત શ્રીગૌડ સમાજના ઘણાબધા મહાનુભાવોએ સારો પ્રતિસાદ આપ્યો છે. સર્વેને ધન્યવાદ. આભાર. આવી જ મદદની ભાવનાને ટકાવી રાખશો. - તંત્રીશ્રી
- એક પ્લેટફોર્મ પૂરું પાડી શકાય તેવા શુભ આશયથી અને ફકત સમસ્ત શ્રીગૌડ બ્રાહ્મણ માટેના દિકરા દિકરીઓને પોતાના જીવનસાથીની પસંદગી માટે વિશાળ ફલક મળે અને અને તે માટે વધુમાં વધુ બાયોડેટા મળી શકે એવા હેતુથી વિવિધ પક્ષના પ્રતિનિધિઓના સાથ અને સહકારથી " સમસ્ત શ્રીગૌડ જીવનસાથી" ગૃપ શરૂ કરવામાં આવેલ છે. જેને લગભગ સવા વર્ષ થવા આવ્યું. આ ગૃપમાં વેદાંત (નડિયાદ) - કૃપા (વડોદરા), આકાશ (કાલોલ) - આરોહી (અમદાવાદ), સ્નેહલ (ગોધરા) - પૃથ્વી (કાલોલ) સહિત ચાર/પાંચ કપલનું સગપણ થયેલ છે. તેઓને ખૂબ ખૂબ અભિનંદન. ટૂંકાગાળામાં સફળતા મળેલ છે. ગૃપના સૌ એડમીન અને 'શ્રી' સમાજના સભ્યોના સાથ અને સહકારથી શક્ય થયેલ છે.

---

**ચેરિટી કમિશનર દ્વારા નવી સ્કીમની મંજૂરી આપ્યા પછી સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત. અમદાવાદની ટ્રસ્ટી મંડળની પ્રથમબેઠક પૂર્વ પ્રમુખ અને વડીલશ્રી પ્રિ. ડૉ. બંસીધર ઉપાધ્યાયના અધ્યક્ષ સ્થાને ઓનલાઇન-વરચ્યુઅલ તા.21/06/2021ને સોમવારે મળી હતી. જેમાં સમાજના પ્રમુખ તરીકે શ્રી કમલેશભાઈ શિવશંકર પાઠક, મંત્રી તરીકે શ્રી યોગેશભાઈ કાલિદાસ શુકલ, ખજાનચી તરીકે શ્રી પ્રવીણભાઈ વાસુદેવ પુરોહિતની અને તંત્રી તરીકે પ્રિ. ડૉ. બંસીધર ઉપાધ્યાય ની નિમણુંક કરવામાં આવી છે. બાકીના સ્થાનો માટે પ્રમુખશ્રીને સત્તા આપવામાં આવી છે જે હવે પછી મળનાર બેઠકમાં જાહેર કરવામાં આવશે.**

---

**આપને ત્યાં સારા-નરસા પ્રસંગે જાગૃતિને દાન આપો અને અપાવો. વિગતો નીચે મુજબ છે.**

**ખાસ નોંધ : બેંકની વિગત નોંધી લેશો.**

એકાઉન્ટ નામ : સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત.

એકાઉન્ટ નંબર : ૩૦૧૨૧૮૩૯૦૯૨

બેંક : સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, બ્રાંચ : પ્રગતિનગર (૦૮૦૫૩)

**IFS Code : SBIN0008053**

**E-mail - shreegaudjagruti2019@gmail.com**

**Website - https://samastshreegaudsamajgujarat.org**

**Facebook- https://www.facebook.com/samastshreegaudsamaj/**

# પૂજ્ય દાદાજી (તૃત્તીય વાર્ષિક શ્રદ્ધાંજલિ)

સ્વ. જગદીશચંદ્ર કાશીનાથ શુક્લ, તા. ૧૫-૦૬-૨૦૧૮ના રોજ દિવંગત થયા.



**પૂજ્ય દાદાજી !**

જીવન સદાય એવું જીવ્યા કે જોનારા જોયા કરે.
કર્મ સદા એવા કર્યા કે સૌના હૃદયમાં ગૂંજ્યા કરે.
દુ:ખમાં ડર્યા નહીં વહેવાર કદૂ ચૂક્યા નહીં.
ધર્મ કદી ભૂલ્યા નહીં, સુખ દુ:ખમાં સદા હસતા રહ્યા.
મન નથી માનતું કે તમે અમારી વચ્ચે નથી.

**આપના**

સુરેશકુમાર લક્ષ્મીશંકર પાઠક (જમાઈ) - માલતી સુરેશકુમાર પાઠક (પુત્રી)
પાર્થ સુરેશકુમાર પાઠક (દૌહિત્ર) - સમસ્ત પાઠક પરિવાર (શ્રીગૌડ)

---

# હાર્દિક શ્રદ્ધાંજલિ

ઓમ નમઃ શિવાય



જન્મ તા. ૦૪-૦૮-૧૯૫૫ સ્વ. તા. ૧૮-૦૬-૨૦૨૦

**સ્વ. બકુભાઈ ઉર્ફે જીતેન્દ્ર દેવેન્દ્રપ્રસાદ શુક્લ (શહેરાવાળા-વડોદરા)**

પ્રભુ તેઓના દિવંગત આત્માને નિરંતર શાંતિ અર્પે તે જ પ્રાર્થના.

શુક્લ પરિવાર - દુબે પરિવાર - જોશી પરિવાર

## "સમસ્ત શ્રીગૌડ જીવનસાથી"

આજના સમયમાં એક પ્લેટફોર્મ પૂરું પાડી શકાય અને પોતાના જીવનસાથીની પસંદગી માટે વિશાળ ફલક મળી રહે તેમ જ આપણા સમાજના લગ્ન ઉત્સુક યુવક યુવતીનો પરિચય વોટ્સએપ માધ્યમથી, થકી મળી રહે એવા શુભ આશયથી " સમસ્ત શ્રીગૌડ જીવનસાથી" વોટ્સએપ ગૃપ શરૂ કરવામાં આવેલ છે. બાયોડેટા એડમીન દ્વારા જ વોલ ઉપર મૂકવામાં આવે છે. ગૃપમાં જોડાવા તથા બાયોડેટા મૂકવા માટે નીચે આપેલ કોઈપણ એડમીનશ્રીનો સંપર્ક કરવા વિનંતી છે.

(૧) શ્રી હિતેશભાઈ ભટ્ટ (અમદાવાદ) - ૯૮૨૪૦૯૧૨૯૬
(૨) શ્રી જયંત જોષી (ગાંધીનગર) - ૯૬૦૧૯૯૫૫૬૭
(૩) પ્રિ.ડૉ. બંસીધરભાઈ ઉપાધ્યાય (અમદાવાદ) - ૯૮૨૪૪૦૬૩૮૧
(૪) શ્રી પ્રવિણભાઇ પુરોહિત (અમદાવાદ) - ૯૮૨૪૩૫૮૨૯૭
(૫) ડૉ. પ્રિતેશ શુક્લ (આણંદ) - ૯૪૨૮૪૯૧૨૨૧
(૬) શ્રી નયનભાઈ પંડિત (અમદાવાદ) - ૮૯૮૦૦૩૧૨૫૫
(૭) શ્રી મહેન્દ્રભાઈ પુરોહિત (વડોદરા) - ૯૪૨૭૭૮૬૨૬૪
(૮) શ્રી કિરણભાઈ શુક્લ (વડોદરા) - ૯૯૭૮૯૨૦૯૮૮
(૯) શ્રી ઉદય શાસ્રી (અમદાવાદ) - ૯૮૨૫૩૯૩૫૯૯
(૧૦) શ્રી આશિષ પાઠક (વડોદરા) - ૯૪૨૭૭૧૭૮૯૧
(૧૧) શ્રી પ્રશાંત પાઠક (વડોદરા) - ૯૮૯૮૨૫૪૯૭૮
(૧૨) શ્રી સંજય જાની (જામનગર) - ૯૯૨૪૪૭૨૭૦૯
(૧૩) શ્રી બંકિમ પુરાણી (વડોદરા) - ૯૯૯૮૦૦૮૩૬૬
(૧૪) શ્રી ધ્રુવ શુકલ (અમદાવાદ) - ૯૪૨૯૩૫૫૬૫૩



---

### માણસો દિકરીઓ વિશે હજારો કવિતાઓ લખે છે.
### હુ એક દીકરા વિશે આજ લખવા માંગું છું.

કહે છે દીકરી વ્હાલનો દરીયો, તો દીકરાને વહાલનું તોફાન હું માનું છું.
કહે છે દીકરી મા-બાપનું હૃદય છે, તો દીકરાને મા-બાપનો શ્વાસ હું માનું છું.
કહે છે દીકરી લાગણીઓનું પુર છે, તો દીકરાને સંવેદનાના સૂર હું માનું છું.
કહે છે દીકરી છે કુળનું ગૌરવ, તો દીકરાને કુળનું અભિમાન હું માનું છું.
કહે છે દીકરી માનો પડછાયો છે, તો દીકરાને માં નું અસ્તિત્વ હું માનું છું.
કહે છે દીકરી બાપનું મનોબળ છે, તો દીકરાને બાપનું પીઠબળ હું માનું છું.
શાને કાજે કરે લોકો ભેદભાવ દિકરા-દિકરી વચ્ચે.
હુ તો ઈશ્વરની અમૂલ્ય ભેટ બંનેને માનું છું.

- બેલા શૈલેશ ઉપાધ્યાય

## છેલ્લે તો આપણે બે જ હોઈશું...

ભલે ઝગડીએ, ક્રોધ કરીએ, એકબીજા પર તુટી પડીએ,
એકબીજા પર દાદાગીરી કરવા, છેલ્લે તો આપણે બે જ હોઈશું.
જે કહેવું હોય એ કહી લે, જે કરવું હોય એ કરી લે,
એકબીજાનાં ચોકઠાં(ડેન્ચર–ચશ્માં) શોધવા છેલ્લે તો આપણે બે જ હોઈશું.
હું રીસાઈશ તો તું મનાવજે, તું રીસાઈશ તો હું મનાવીશ,
એકબીજાને લાડ લડાવવા, છેલ્લે તો આપણે બે જ હોઈશું.
આંખો જ્યારે ઝાંખી થશે, યાદશક્તી પણ પાંખી થશે,
ત્યારે, એકબીજાને એકબીજામાં શોધવા, છેલ્લે તો આપણે બે જ હોઈશું.
ઘુંટણ જ્યારે દુઃખશે, કેડ પણ વળવાનું મુકશે,
ત્યારે એકબીજાના પગના નખ કાપવા, છેલ્લે તો આપણે બે જ હોઈશું.
'મારા રીપોર્ટ્સ્ તદ્દન નોર્મલ છે, આઈ એમ ઓલરાઈટ',
એમ કહીને, એકબીજાને છેતરવા, છેલ્લે તો આપણે બે જ હોઈશું.
સાથ જ્યારે છુટી જશે, વીદાયની ઘડી આવી જશે,
ત્યારે, એકબીજાને માફ કરવા, છેલ્લે તો આપણે બે જ હોઈશું.

- ડૉ. મહેશ શુક્લ, લુણાવાડા

---

## WHATSAPP

મને લાગે છે પ્રભુ પણ "Whatsapp" નો રસિયો થઈ ગયો છે,
એ પણ હવે સ્વર્ગલોક ગ્રૂપ, પૃથ્વીલોક ગ્રૂપ બનાવતો થઈ ગયો છે...
અચાનક ગમે એને, "You are removed" કહેતો થઈ ગયો છે...
પૃથ્વી ગ્રૂપ ને બદલે, સ્વર્ગલોકમાં મેમ્બર વધારતો થઈ ગયો છે...
અહીં અનાથ કરી, ઉપર "family" બનાવતો થઈ ગયો છે..
હવે બસ કર આ રમત તું તો, માણસ ની જેમ અંચઈ કરતો થઈ ગયો છે....
ગમે તે કર્મ કરતા ડરતા નથી તેને "કોરોના" થી ડરાવતો થઈ ગયો છે....
મને લાગે છે પ્રભુ પણ "Whatsapp"નો રસિયો થઈ ગયો છે,

-યોગેશ શુક્લ (સુરત/કેનેડા)

# શ્રધ્ધાંજલી



## સ્વ. ભરતકુમાર મહેન્દ્રપ્રસાદ શુક્લ

જ.તા.૨૫-૦૯-૧૯૫૫ - અવસાન તા.૨૮-૦૪-૨૦૨૧

જીવન એવું જીવી ગયા કે જોનારા જોયા કરે સાથે વિતાવેલા ક્ષણોના ભણકારા વાગ્યા કરે જીંદગીનો એ જ સાચો પડઘો છે. ના હોય વ્યકિત હાજર તે નામ હદયમાં ગુંજયા કરે. તમારું એ સદાબહાર હાસ્ય, તમારી આસપાસના વાતાવરણને જીવંત અને હળવું બનાવવાની અભૂતપૂર્વ કળા અને અસાધારણ સંજોગોમાં અડગ રહીને સામનો કરવાની ક્ષમતા અમારા જીવનમાં નિરંતર પ્રેરણાનો સ્રોત બની રહ્યા છે. તમારી કુટુંબ ને મદદરૂપ થવાની ભાવના, સુખ દુઃખ ના દરેક પ્રસંગે હંમેશા દરેક જગ્યાએ હાજર રહેનાર તમારી ખોટ સદાય રહેશે.

તેમના દિવ્ય આત્માને ચિર શાંતિ અને મોક્ષ ગતિ અર્પે એ જ પરમકૃપાળુ ઈષ્ટદેવ અને કૃપાનિધિ શ્રી મહાલક્ષ્મી માતાને સપરિવારની પ્રાર્થના.

**નૈનં છિન્દન્તિ શસ્ત્રાણિ નૈનં દહતિ પાવકઃ। ન ચૈનં ક્લેદયન્ત્યાપો ન શોષયતિ મારુતઃ ॥**

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

લિ.

| | |
|---|---|
| કૌમુદિની ભરતકુમાર શુકલ | કિરીટભાઈ મહેન્દ્રપ્રસાદ શુકલ |
| જીગર ભરતકુમાર શુકલ | ઉષાબેન કિરીટભાઈ શુકલ |
| મંથન ભરતકુમાર શુકલ | યોગિનીબેન મહેન્દ્રભાઈ પુરાણી |
| વિશ્વા મંથન શુકલ | મહેન્દ્રભાઈ કાન્તિલાલ પુરાણી |
| દ્વિજિશા સુહાગકુમાર જોષી | સૌમ્ય - ધૈર્ય -ધ્યાનવી |
| સુહાગકુમાર સુધાકરભાઈ જોષી | |

# કવિશ્રી ભાઈશંકર વિદ્યારામ પંડિત "કવિભૂષણ"

લેખક:-હરેશભાઈ નટવરલાલ પંડ્યા, નડિયાદ.

સમયની રેતી સતત સરતી જાય છે. કેટલીક અમુલ્ય ઘટનાઓના રેતી પર અંકિત થયેલા પદચિહ્નો પર સમયના ભૂતકાળમાં ઈતિહાસમાં ડોકીયું કરવામાં આવે છે ત્યારે પુરતી માહિતી પ્રાપ્ત થતી નથી.

શ્રી ગૌડ સમાજના અધિવેશનમાં 'શ્રીગૌડની એ સબળ શક્તિનું, ભ્રમિત પુરુષને કયાંથી ભાન?' એવો જયકારો કરી, ગૌરવ ગાથાનું કાવ્યગાન કરી અસ્મિતાને બુલંદ કરનાર એવા આપણી જ્ઞાતિના તેજસ્વી કવિશ્રી ભાઈશંકર વિદ્યારામ પંડિતનું આજે પુણ્ય સ્મરણ થઈ આવે છે.

કવિશ્રી ભાઈશંકરનો જન્મ ઓગણીસમી સદીના ઊત્તરાર્ધમાં ગાયકવાડી શાસન હેઠળ આવેલા પેટલાદ મહાલના કૃષ્ણપુરી ગામે થયેલો જે ગામ હાલમાં કાવિઠા નામે ઓળખાય છે અને બોરસદ તાલુકામાં આવેલ છે જ્યાં મહાલક્ષ્મી માતાજી સાક્ષાત બિરાજમાન છે. તેઓના પિતાશ્રીનું નામ વિદ્યારામ હતું જેઓ અત્યંત ધાર્મિક વૃત્તિના હતા અને માતાજીનું નામ વિજકૌર હતું જેઓ ઘરરખુ તથા વ્યવહારુ બુધ્ધિના આદર્શ ગૃહીણી હતા. જ્ઞાતિએ તેઓ માળવી શ્રીગૌડ(શ્રીગૌડ સાડત્રીસ) હતા.

પિતા વિદ્યારામ શાસ્ત્ર પુરાણોના મર્મજ્ઞ વિદ્વાન હતા તેથી પંડિતજી તરીકે સર્વત્ર ખ્યાતનામ હતા. તેમનું કાવિઠાનું નિવાસસ્થાન 'પંડિત પર્ણકુટી' નામાભિધાન ધરાવતું. જ્યાં વિદ્યાવ્યાસંગી વિધ્વાનો અને જ્ઞાતિજનો એકત્ર થઈ જ્ઞાનવૃધ્ધિ કરતા. આવા વેદશાસ્ત્ર સંપન્ન પિતાના સંસ્કાર ભાઈશંકરમાં જન્મજાત ઉતર્યા.

ભાઈશંકરે પ્રાથમિક શિક્ષણ પોતાના ગામમાં જ પાદરે આવેલી ધૂળિયા નિશાળમાં લીધેલું. ધૂળિયા નિશાળ એટલે પાટી પર ધુળ નાંખી તેમાં આંગળી વડે લખવાનું બાળપણથી તેઓ કવિત્વશક્તિ ધરાવતા. બોધક ને સ્તુતિ યોગ્ય કાવ્યો રચ્યાં છે. મોટાં થઈ આયુર્વેદનો પર સારો અભ્યાસ કર્યો. વૈદક વિશે અસંખ્ય લેખો અને આયુર્વેદાદિત્ય જેવો ગ્રંથ પર તેમણે સરળ કાવ્યશૈલીમાં લખ્યો છે જે હાલ અપ્રાપ્ય છે.

તેમણે અમદાવાદ તથા મુંબઈમાં(કાલબાદેવી) પ્રાણરક્ષક ઔષધાલયની સ્થાપના કરેલી. બાળકો માટે બનાવેલો "બાલજીવન ચમચો" તો ખુબ જાણીતો થયેલો. રાજ રજવાડામાં તેઓશ્રીના વૈદકની ખુબ સારી ખ્યાતી પ્રસરેલી.

વિદ્યાનુરાગી હોવાથી વૈદ તરીકે સારી સફળતા પ્રાપ્ત કર્યા બાદ તેઓશ્રીએ ભારતીય સંસ્કૃતિની અસ્મિતા ઉજાગર કરવા સમાજ, ધર્મ, ઈતિહાસ, સાહિત્ય ઈત્યાદી ક્ષેત્રોમાં વિપુલ માત્રામાં સાહિત્ય સર્જન કરેલ છે.

રાજ રજવાડાના દરબારમાં સારો માનમરતબો ધરાવતા. ગાજણા સ્વસ્થાનના ઠાકોર સાહેબ નામદાર મહારાણાશ્રી હિંમતસિંહજી રાયસિંહજી સાહેબ સાથે સારી મિત્રતા હતી. તેમની પ્રેરણાથી "સોલંકી વંશની ગોધરા શાખાનો ઈતિહાસ" નામના ઈતિહાસગ્રંથનું આલેખન કરેલ છે જેમાં સોલંકી

વંશની રાજગાદીની શરૂઆતથી લેખન સમય સુધીના સોલંકી રાજવંશની ગાદીઓનો ઇતિહાસ સમાવિષ્ટ છે તેવીજ રીતે "ગુજરાતનો ઇતિહાસ" પણ ભારે જહેમત ઉઠાવી લખેલ છે. જે તેમની તીવ્ર સંશોધનવૃત્તિ સુચવે છે.

સામાજીક ક્ષેત્રે પણ ખુબ સારૂં કાર્ય કરેલ છે. 'શ્રીગૌડ સેવક' નામના જ્ઞાતિ મેગેઝીનમાં શ્રીગૌડ જ્ઞાતિને પ્રેરણા આપતા કાવ્યો અને સુધારાના લેખો પણ લખ્યા છે. સારા વકતા પણ હતા.

જેઓ પાસે જ્ઞાન છે, બુધ્ધિ છે, સત્તા છે, ધન છે કોઇ સારી શક્તિ છે તો તેમાંથી થોડુંક પણ જો જ્ઞાતિના વિકાસમાં સંમિલિત કરવામાં આવે તો તેનું પરિણામ ચમત્કારિક આવે અને જ્ઞાતિનો સારો વિકાસ થાય તેવું તેઓ માનતા. તેઓ કહેતા કે થાય એટલું કરીશ એમ નહિ પણ સમાજ માટે આટલું તો અવશય કરીશ જ એવો દૃઢ સંકલ્પ સૌએ અવશ્ય કરવો જોઇએ. કેળવણીના લાભો ગણાવતા. જ્ઞાન પણ એક સબળ શક્તિ છે તેનું જ્ઞાતિજનોને ઉચ્ચ કેળવણી લેવા આગ્રહ કરતા.

શ્રી ભાઇશંકર વિદ્યારામ પંડિત "કવિભૂષણ" રચિત ગ્રંથો : (૧) આયુર્વેદાદિત્ય (કાવ્યમાં સળંગ વૈદકશાસ્ત્રનો દળદાર ગ્રંથ) (૨) સોલંકી વંશનો ગોધરા શાખાનો ઇતિહાસ (૩) ગુજરાતનો ઇતિહાસ (૪) ઇલમ જંગબહાદુર (૫) ઋતુવિહાર (૬) પ્રહલાદવિજય (૭) જાલંધર અને સતીવૃંદા (૮) પાંડવ વનવાસ (૯) પાંડવ રાજ્યાભિષેક (૧૦) વિહારીલાલ વિરહ (૧૧) વિકટોરીયા વિરહ (૧૨)કાળનો કઢાપો

પાછલી જીંદગી પેટલાદમાં ગાળી હતી. તેમને ચીમનલાલ અને નટવરલાલ નામે બે પુત્રો હતા. વિ.સં. ૨૦૦૯ ના ભાદરવા વદી ૧૧ ને શનીવારે સ્વર્ગવાસી થયા. શ્રી ભાઈશંકર વિદ્યારામ પંડિતને શતશનમ.

પાદટીપ : વડોદરા નિવાસી શ્રી ચીમનલાલ ભાઇશંકર કવિએ આવનારને 'બાલજીવન ચમચા' પુરસ્કાર તરીકે સતત પાંચ વર્ષ સુધી દશ તોલા ચાંદીનો પ્યાલો વિદ્યા ઉત્તેજન કાર્યાથે ઇનામ તરીકે આપેલ હતો

(સંદર્ભ:- સોલંકી વંશનો ગોધરા શાખાનો ઈતિહાસ ગ્રંથમાં કવિશ્રીના જીવન વિશે માહિતી આપી છે તેમજ તેમના વંશજોની રુબરુ મુલાકાત લીધેલ છે.)

---

સંબંધ માત્ર સુખ દુઃખમાં સાથ આપવા માટે જ નથી હોતો
સંબંધ તો એ છે જે પોતાના હોવાનો અહેસાસ આપે
ઘણીવાર તબિયત દવા લેવાથી નહિ પણ
હાલ પૂછવાથી પણ  ઠીક થઈ જાય છે.

## દિવંગત થયેલ 'શ્રી'બંધુઓની યાદી

સ્વ. રાજેન્દ્રપ્રસાદ ગજાનંદ પુરાણી, વલસાડ
સ્વ. ડૉ. વિનાયક મગનલાલ શાસ્ત્રી, પેટલાદ
સ્વ. ઈન્દુબેન મહેશકુમાર પાઠક, લુણાવાડા
સ્વ. કૃષ્ણકાંત મોહનલાલ ઉપાધ્યાય, ભરૂચ
સ્વ. જશોદાબેન રમણલાલ પાઠક અમનપુર, જંબુસર
સ્વ. કલ્પનાબેન પ્રવિણચંદ્ર દવે, આણંદ
સ્વ. મુકુન્દરાય કાંતિલાલ પંડ્યા, અમદાવાદ
સ્વ. પ્રવિણાબેન મહેન્દ્રકુમાર જોશી, વડોદરા
સ્વ. પ્રશાંત અશોકકુમાર ત્રિવેદી, બડોલી
સ્વ. ચંદ્રપ્રભાબેન બિપીનચંદ્ર પાઠક, શહેરા
સ્વ. ગીરાબેન મહેશભાઈ પાઠક, મુંબઈ
સ્વ. દિલીપભાઈ એન. શુક્લ
સ્વ. મનુભાઈ શામળદાસ જોશી, વડોદરા
સ્વ. યશવંતરાય જોશી, અમરેલી
સ્વ. ગીતાબેન ભરતભાઈ ભટ્ટ, સરધાર
સ્વ. ગીતાબેન શિવશંકર ભટ્ટ, ત્રંબા
સ્વ. પ્રમોદભાઈ એલ. પાઠક, કોઠારીયા
સ્વ. કૃષ્ણકાંત જી. ભટ્ટ, રાજકોટ
સ્વ. અશોક વ્રજલાલ જોશી, રાજકોટ
સ્વ. રમેશચંદ્ર નંદલાલ જોશી, રાજકોટ
સ્વ. મનહરલાલ હરજીવન દવે, લુણાવાડા
સ્વ. અરુણાબેન એસ. ભટ્ટ
સ્વ. જીતેન્દ્રભાઈ જયસુખલાલ જોશી, મોરબી
સ્વ. રજનીકાંત ઉમીયાશંકર ઉપાધ્યાય, અમદાવાદ
સ્વ. ગજેન્દ્રપ્રસાદ સોમેશ્વર પાઠક, શહેરા
સ્વ. અશોકકુમાર દિનકરરાય શુક્લ, વડોદરા
સ્વ. ભરતભાઈ મહેન્દ્રપ્રસાદ શુક્લ, અમદાવાદ
સ્વ. ગીતાબેન નરેન્દ્રકુમાર પાઠક
સ્વ. જયસુખરામ ડાયાભાઈ જોશી, રાજકોટ
સ્વ. અક્ષયકુમાર રાજેન્દ્રપ્રસાદ શુક્લા, દેવગઢ બારીયા
સ્વ. વીરબાળા બેન પ્રમોદરાય પાઠક, વડોદરા
સ્વ. શારદાબેન ચંદુલાલ પાઠક, અમદાવાદ
સ્વ. પ્રદીપકુમાર હરિપ્રસાદ પાઠક, લુણાવાડા/અમદાવાદ
સ્વ. જયેશભાઈ જયંતીલાલ શુક્લ
સ્વ. સુરેશચંદ્ર બદ્રીનાથ પુરોહિત, ઓડ
સ્વ. વિષ્ણુપ્રસાદ હરિશંકર ભટ્ટ, વડોદરા
સ્વ. બળવંતરાય દવે, રણજીતનગર
સ્વ. શાંતિલાલ છગનલાલ પંડ્યા, કાલોલ
સ્વ. પ્રફુલકુમાર ભાનુપ્રસાદ ભટ્ટ
સ્વ. ભારતીબેન જયકુમાર ઉપાધ્યાય
સ્વ. જયકુમાર ભાનુપ્રસાદ ઉપાધ્યાય
સ્વ. દેવેન્દ્રપ્રસાદ ભીખાલાલ ઉપાધ્યાય
સ્વ. હિતેશચંદ્ર દુર્ગાશંકર ભટ્ટ, લંડન
સ્વ. ઉર્મિલાબેન નિરંજનભાઇ જોશી, વડોદરા
સ્વ. જ્યોતિષકુમાર રમણલાલ દવે, અમદાવાદ
સ્વ. હરીષકુમાર ગણપતરામ શુક્લ, અમદાવાદ
સ્વ. અર્પિત પ્રકાશભાઈ પાઠક, શહેરા
સ્વ. કિરણકુમાર ડાહ્યાલાલ શુક્લ, અમદાવાદ
સ્વ. ધીરજબેન જયાશંકર જોશી, ખોખડદળ
સ્વ. સનાતન જયંતકુમાર પાઠક, અમદાવાદ
સ્વ. રતિલાલ બાલકૃષ્ણ ઉપાધ્યાય, લુણાવાડા
સ્વ. ગીરીશભાઈ પ્રાણશંકર ભટ્ટ, લુણાવાડા

સ્વ. નટવરભાઈ એમ. વ્યાસ, લુણાવાડા
સ્વ. દુષ્યંતભાઈ એન. દવે, અમદાવાદ
સ્વ. દક્ષાબેન નલિન ભટ્ટ, વડોદરા
સ્વ. હેમંતકુમાર ચંદ્રવદન પંડ્યા, સુરત
સ્વ. શિવશંકર ગૌરીશંકર ભટ્ટ, શહેરા
સ્વ. કુસુમબેન વિષ્ણુપ્રસાદ ભટ્ટ, વડોદરા
સ્વ. ગજાનંદ ડાહ્યાલાલ પાઠક, પાદરા
સ્વ. સુભાષચંદ્ર અંબાલાલ દવે, લુણાવાડા
સ્વ. વિષ્ણુપ્રસાદ ગોરધનદાસ પંડ્યા, અમદાવાદ
સ્વ. રજનીકાંત બેચરલાલ જોષી, કાલોલ
સ્વ. ગોવિંદભાઈ નર્મદાશંકર પંડ્યા, સાવલી, ભરૂચ
સ્વ. જ્યોત્સનાબેન મહેન્દ્રપ્રસાદ ઉપાધ્યાય
સ્વ. ભરતકુમાર જાની, વડોદરા
સ્વ. દક્ષાબહેન જગદીશભાઈ પંડ્યા, સાવલી
સ્વ. દર્શન યોગેશભાઈ ઉપાધ્યાય, વડોદરા
સ્વ. તૃપ્તીબેન પરેશભાઈ પંડ્યા, ગોત્રી
સ્વ. શર્મિષ્ઠાબેન ભાનુપ્રસાદ પંડ્યા, સાવલી
સ્વ. વિણાબેન દિનમણિશંકર જોશી, કાલોલ
સ્વ. જયંતકુમાર જટાશંકર પંડ્યા, ગોત્રી
સ્વ. તૃપ્તીબેન શિવાંશભાઈ શાસ્ત્રી, સાવલી
સ્વ. શંભુપ્રસાદ જટાશંકર જોશી, કાલોલ
સ્વ. કલ્પેશકુમાર ભાઈલાલભાઈ જોશી, કાલોલ
સ્વ. સુમિત્રાબેન હર્ષદરાય જોશી
સ્વ. ડૉ. દિવાકરભાઈ ભાનુપ્રસાદ પંડ્યા, ગંજેળા-અમદાવાદ
સ્વ. ધર્મેશ વિજયકુમાર ઠાકર, ઈસન્ડ, અમદાવાદ.

સ્વ. મહેશભાઈ નંદશંકર પંડીત, કાવિઠા
સ્વ. ઉમાકાંત ગોવિંદલાલ દિક્ષીત, લંડન
સ્વ. વસંતભાઈ વિઠ્ઠલભાઈ પંડ્યા, લંડન
સ્વ. અતુલભાઈ નવનીતલાલ દવે, અમદાવાદ
સ્વ. મૃદુલાબેન દિક્ષીત, લંડન
સ્વ. જૈમીન રસીકભાઈ પંડીત, મહુધા
સ્વ. સ્વ. સુશીલાબેન વિનાયકપ્રસાદ શાસ્ત્રી, પેટલાદ
સ્વ. રશ્મીકાંત પૂંજાલાલ દવે, વાવોલ
સ્વ. રાજેન્દ્ર નરેન્દ્રભાઈ પંડીત, અમદાવાદ
સ્વ. યોગીના દિનેશભાઈ દવે, અમદાવાદ
સ્વ. ઉષાબેન સુરેશચંદ્ર જાની, બોરસદ
સ્વ. ભાવનાબેન શરદચંદ્ર પંડ્યા, નડીયાદ
સ્વ. જ્યોતિબેન રશ્મિકાંત દવે, વાવોલ
સ્વ. શર્મિષ્ટાબેન હસમુખલાલ દવે, નડીયાદ
સ્વ. હસમુખલાલ માણેકલાલ દવે, નડીયાદ
સ્વ. કલાવતીબેન મધુકુમાર શાસ્ત્રી, અમદાવાદ
સ્વ. ઉર્વશીબેન ગુણવંતલાલ પંડ્યા, અમદાવાદ
સ્વ. સુરિમનાબેન, અમદાવાદ
સ્વ. વિરામ યોગેશભાઈ પાઠક, ડાકોર
સ્વ. અક્ષય ઉમાકાંત પંડ્યા, મહુધા
સ્વ. હરેન્દ્રપ્રસાદ રામચંદ્ર દવે, વડોદરા
સ્વ. મંજુલાબેન (મંગીબેન) મણિલાલ શુક્લ, મધવાસ
સ્વ. કુસુમબેન ઈન્દ્રવદન દવે, અમદાવાદ
સ્વ. ભાલચંદ્ર જેઠાલાલ પંડ્યા, ડાકોર(સેવક)
સ્વય વ્યોમેશકુમાર ધનંજયભાઈ દેસાઈ, મુંબઈ

**દિવંગત થયેલ દિવ્યાત્માઓને પ્રભુ શાશ્વત શાંતિ અર્પે એવી પ્રાર્થના.**
**ૐ શાંતિઃ ૐ શાંતિઃ ૐ શાંતિઃ**

# ગર્ભ સંસ્કાર

તો હવે સૌ પ્રથમ એ જાણવું પડે કે:-

1. ગર્ભ સંસ્કાર છે શું?

2. ગર્ભ સંસ્કાર આપવાનું હોય છે શાના માટે?

3. ગર્ભ સંસ્કાર કયાર થી શરૂ કરી કયાર સુધી આપવાનું હોય છે? અને

4. મુખ્ય બાબત ગર્ભ સંસ્કાર થી ફાયદો શું થાય છે?

તો હવે સૌ પ્રથમ જાણીયે કે ગર્ભસંસ્કાર શું છે, આવનાર બાળક તંદુરસ્ત, નિરોગી અને સુસંસ્કારી બને તેના માટે તેના જન્મ પહેલાથી આવનાર બાળક ના માતા પિતા દ્વારા જે પ્રયત્ન કરવામાં તે ને ગર્ભ સંસ્કાર તરીકે ઓળખવામાં આવે છે.

તમને પ્રશ્ન એ થશે કે ગર્ભસંસ્કાર આપવાનું હોય છે શાના માટે, આનો જવાબ છે આગળ કીધું તે પ્રમાણે આવનાર બાળક તંદુરસ્ત, નિરોગી અને સુ સંસ્કારી બને તેના માટે.

ગર્ભસંસ્કાર ક્યાર થી શરૂ કરી અને કયાર સુધી આપવાનું હોય છે, તો ગર્ભસંસ્કાર જયારે દંપતિ માતા પિતા બનવાનો વિચાર કરે ત્યાર થી શરૂ કરી જ્યાં સુધી બાળકનો જન્મ નથી થતો ત્યાં સુધી આપવાનું હોય છે.

તો હવે તમને એવું થશે કે દંપતિ માતા પિતા બનવાનો વિચાર કરે આનો શું અર્થ થાય? આનો અર્થ સમજવા માટે એક ઉદાહરણ આપું, એક ખેડુત વર્ષા આવે તે દિવસેજ તેના ખેતરમાં જઈને સિદ્ધુ અનાજ વાવી દે છે? આનો જવાબ છે ના, તે વર્ષા આવતા પહેલા સૌ પ્રથમ ખેતર ને ખેડે છે, ત્યાર બાદ પાણી પીવડાવે છે, અને જરૂરી માત્રામાં ખાતર નાખે છે, અને ત્યાર બાદ જયારે વર્ષા આવે છે ત્યારે ખેતરમાં જઈને અનાજ વાવે છે, હવે જ્યારે ખેડુત જો કાળજી નહી રાખે તો ફક્ત એક જ વર્ષનો પાક બગાડશે, અને જો દંપતિ જયારે માતા પિતા બનવાનો વિચાર કરે ત્યારથી ગર્ભસંસ્કાર નું ધ્યાન નહી રાખે તો તેમનો તો આખે આખો જન્મ બગડશે.

હવે જો આપણે સમગ્ર ગર્ભ સંસ્કાર ને સમજવું હોય તો નીચે દર્શાવેલ પાંચ ભાગ સમજવા પડે.

૧. ગર્ભોત્પાદકર ભાવ ત્યાર બાદ

૨. પુંસવનન કર્મ

૩. ગર્ભવતી સ્ત્રીચર્યા

૪. ગર્ભવતી સ્ત્રી પરીવારચર્યા

૫. માસાનુમાસીક ગર્ભ વૃધ્ધી.

આ વખતે સૌ પ્રથમ ગર્ભોત્પાદકર ભાવ વીશે જોઈશું.

આચાર્ય સુશ્રુત ના મત પ્રમાણે ગર્ભ ધારણ કરતાં પહેલા ઋતુ, ક્ષેત્ર, અંબુ અને બીજનું ધ્યાન રાખવું જોઈએ. જે ગર્ભોત્પાદકર ભાવ છે.

અહી સુશ્રુત આચાર્ય ના ઋતુ, ક્ષેત્ર, અંબુ અને બીજની વ્યાખ્યા કરતાં કલ્હણ આચાર્ય કહે છે કે ઋતુ એટલે રજો સમય એટલે કે ગર્ભ કયા સમય દરમ્યાન રહે છે તે, આચાર્ય સુશ્રુત ના મતે ગર્ભ ધારણ માટે ૪ થા દિવસ થી લઈને ૧૨ માં દિવસ સુધીનો સમય યોગ્ય છે, આ સમય દરમ્યાન ગર્ભધારણ કરવાથી આવનાર બાળક આયુષ્યવાન, સારા આરોગ્ય વાળુ, સારા પૌરૂષ વાળુ, સૌભાગ્ય યુક્ત તથા બલવાન જન્મે છે. આધુનિક ચિકીત્સા શાસ્ત્ર પ્રમાણે ગર્ભ ધારણ સમય એટલે કે Ovulatory cycle ૮ માં દિવસથી લઈને ૧૬ માં દિવસ સુધીનો કીધો છે. હવે ઘણાને એવું થશે કે આચાર્ય સુશ્રુત અને આધુનિક ચિકીત્સા શાસ્ત્રમાં આટલો ભેદ કેમ? તો હવે એના માટે એવું સમજવું પડે કે આધુનિક ચિકીત્સા શાસ્ત્રમાં રજોદર્શન થી એટલે કે માસિકના પ્રથમ દિવસથી ગણતરી કરી છે જ્યારે આચાર્ય સુશ્રુતે આજ ગણતરી રાજો નિવૃતિ થી કરી છે, જેના કારણે પ્રથમ ૪ દિવસ જે રજો દર્શના છે તેમને છોડી ને કરેલી છે, એટલે ૪ + ૪ = ૮ દિવસ. આના પરથી કહી શકાય કે આચાર્ય સુશ્રુતે સદીઓ પહેલા જે ગણતરી કરેલી હતી તે અત્યારના સમયમાં પણ એકદમ સચોટ છે.

હવે ઋતુ પછી આવે છે ક્ષેત્ર, ક્ષેત્ર ની વ્યાખ્યા કરતાં કલ્હણ આચાર્ય કહે છે કે ક્ષેત્ર એટલે ગર્ભાશય, જ્યારે કોઈપણ દંપતી સંતાન પ્રાપ્ત કરવા ઈચ્છુક હોય છે ત્યારે તેમણે પંચકર્મ દ્વારા ગર્ભાશયનું સારી રીતે શોધન કરવું જોઈએ જેના કારણે તેમાં આવનાર સંતાન તંદુરસ્ત રહે અને ગર્ભાવસ્થા દરમ્યાન કોઈપણ જાતની તકલીફ ના પડે.

ઋતુ અને ક્ષેત્ર પછી આવે છે અંબુ, અંબુ નો અર્થ કરતાં આચાર્ય ડલ્હણ કહે છે કે અંબુ એટલે આહાર રસ કારણ કે જેવો તમે આહાર લેશો તે પ્રમાણેનું બાળક આવશે, આનો અર્થ એવો પણ કરી શકાય કે જો પોષ્ટીક આહાર લેવામાં આવે તો ગર્ભધારણ કરવામાં તકલીફ પડતી નથી અથવા તો ઓછી તકલીફ પડે છે. અહી આહાર રસમાં સ્ત્રી અને પુરૂષ બંને નો આહાર રસ મહત્વનો છે. આહાર રસનો અર્થ આપણે Nourishment કહી શકીએ છીએ.

ઋતુ ક્ષેત્ર અંબુ બાદ આવે છે બીજ, બીજનો અર્થ આચાર્ય ડલ્હણે સ્ત્રી માં આર્તવ અને પુરૂષમાં શુક્ર કીધું છે. અહી આર્તવ અને શુક્ર નો અર્થ અનુક્રમે Ovum અને Sperm થાય છે. શુદ્ધ શુક્ર અને શુદ્ધ આર્તવ થી જ ગર્ભ બને છે. જો શુક્ર અથવા આર્તવ બંને માંથી કોઈપણ એક માં પણ અશુદ્ધિ હશે તો પણ ગર્ભ ધારણ કરવામાં તકલીફ પડી શકે છે.

હવે આપણે આચાર્યએ ઋતુ, ક્ષેત્ર અંબુ, અને બીજ આ ક્રમ કેમ લીધો એ પણ સમજવું પડે, કારણ કે આચાર્યે કોઈપણ વસ્તુ એમ નેમ નથી લખી, તો આના અનુસંધાને એમ સમજી શકાય કે, જ્યાં સુધી તમે ઋતુ એટલે કે Ovulatory Cycle ના સાચવો તો બીજું બધુ સામાન્ય હોય તો પણ ગર્ભ ધારણ થવાનો નથી, હવે એક વખત તમે ઋતુ એટલે કે Ovulatory Cycle સાચવી લીધી ત્યાર બાદ ક્ષેત્ર એટલે કે ગર્ભાશય જો ગર્ભ ધારણ કારવા માટે તૈયાર ના હોય એટલે કે ગર્ભાશય માં કોઈપણ જાતની તકલીફ હોય તો ભલે તમે ઋતુ સાચવી અંબુ અને બીજ પણ સારા છે તો પણ ગર્ભ ધારણ

થવાની શક્યતા નથી, હવે ઋતુ, ક્ષેત્ર અને બીજ સારા છે પરંતુ અંબુ એટલે કે આહાર રસ અર્થાત તમારું Nourishment સારું નથી, તો પણ ગર્ભ ધારણની શક્યતાઓ ઓછી થઈ જાય છે અને જો એક વખત ગર્ભ ધારણ થઈ પણ જાય તો પણ આવનારું બાળક કાંતો કોઈ ખોડખાપણ વાળુ અથવા તો ઓછા વજન વાળુ હોવાની શક્યતાઓ વધી જાય છે. હવે ઋતુ, ક્ષેત્ર, અંબુ, સૌથી ઉત્તમ કક્ષાના છે, પરંતુ જો બીજ એ કાંતો સ્ત્રી બીજ એટલે કે Ovum અથવા પુરૂષ બીજ અર્થાત Sperm, સારા ના હોય તો પણ ગર્ભ ધારણ થઈ શકતો નથી.

એટલા માટે જ આચાર્ય એ ઋતુ, ક્ષેત્ર, અંબુ અને બીજ ને ગર્ભોત્પાદકર ભાવ અર્થાત ગર્ભ ને ઉત્પન્ન કારવા માટે જરૂરી ઘટકો કીધા છે.

**વૈદ્ય નિર્જર શુક્લ**
સદાશિવ આયુર્વેદિક ક્લિનીક
પંચકર્મ, એક્યુપંચર & અગ્નીકર્મ સેન્ટર
હાટડીયા બજાર લુણાવાડા.
મહીસાગર.
ફૉન. ૯૯૭૯૯૫૬૬૩૩

**સદાશિવ આયુર્વેદિક ક્લિનીક**
પંચકર્મ, એક્યુપંચર & અગ્નીકર્મ સેન્ટર
૫/બી શ્રુતીકુંજ સોસાયટી વીભાગ ૧
ઈલાજ મેડીકલ સ્ટોરની બાજુમાં
જૂના મણીનગર રેલ્વે ક્રોસીંગ પાસે
મણીનગર પૂર્વ- અમદાવાદ
ફોન ૯૪૨૯૬૧૮૮૫૫

---

## ફરજ

“ભાભી!!! અહીં આવો તો...જુઓને ..મમ્મીએ ફરી રડવાનું શરૂ કર્યુ...હું તો થાકી આમને સમજાવીને ...”

“શું થાય છે મમ્મી તમને?? કેમ વારે વારે રડો છો? ડૉક્ટરે કહ્યું ને કે આ દવા બંધ કરી દો, નવી દવા લખી આપી છે હવે તે જ લેવાની છે..અને આ દવાથી સારૂ થઈ જ જશે...થોડી ધીરજ રાખો..”

“બેટા!! (આંસુ લૂછતા) દવાઓ નથી લેવાતી..આનાથી મને ઉબકા આવે છે....શરીર બળતું હોય એવું લાગે છે..”

“આ એ દવા નથી મમ્મી!! બદલી આપી છે દવાઓ..હવે આનાથી આડઅસરો નહીં થાય ...બસ! હવે રડશો નહીં..તમારી તબિયત વધારે બગડશે”

“ભાભી!! હવે જો મમ્મી રડ્યાને તો એમને આપણે અહી જ દવાખાનામાં દાખલ કરીને જતા રહીશું”

આમ કહીને તે સ્ત્રી એ મારી સામે જોઈને સ્મિત કર્યુ. તેમણે એ નોંધ્યું હશે કે હું આ સાસુ-વહુ-દીકરીનો સંવાદ સાંભળી રહી હતી. તેમણે મને સંબોધીને કહ્યું, તમે થોડી વાર આમની સાથે બેસશો? અમે બિલ ભરીને આવીએ”

મેં હા પા...

-ખુશી આશિષકુમાર પાઠક, વડોદરા

# ઇતિહાસમાં આજ

## સરોજ પાઠક 'વાચા'
## વાર્તાકાર, નવલકથાકાર અને નાટ્યવિદ્



**૧ જૂન,** ૧૯૨૯ના રોજ સરોજ પાઠકનો જન્મ કચ્છ જિલ્લાના જખઉ ગામમાં થયો હતો. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ તેમણે મુંબઈમાંથી પ્રાપ્ત કર્યું. ૧૯૪૭માં મૅટ્રિક થયાં. ૧૯૬૧માં ગુજરાત યુનિવર્સિટીમાંથી બી.એ. થયાં. ૧૯૬૪માં તેઓ ગુજરાતી વિષય સાથે એમ.એ. થયાં. ૧૯૫૬-૫૭માં તેઓ ઑલ ઇન્ડિયા રેડિયોમાં મદદનીશ તરીકે હતાં. ૧૯૫૭-૧૯૫૮માં તેમણે સોવિયેટ ઇન્ફર્મેશન સર્વિસમાં ભાષાંતરકાર તરીકે કાર્યભાર સંભાળેલો. તેઓ ભારતીય કલાકેન્દ્રના બૅલે-સેન્ટરમાં નૃત્યાંગના હતાં. થોડો સમય સૂરતમાં શિક્ષિકા તરીકે સેવાઓ આપેલી. ૧૯૬૪થી બારડોલીની આર્ટ્સ કૉલેજમાં અધ્યાપક તરીકે તેમજ ગુજરાતી વિભાગના અધ્યક્ષ તરીકે કામગીરી બજાવી. ૧૯૮૯માં નિવૃત્ત થયાં.

ગુજરાતી ટૂંકીવાર્તાક્ષેત્રે સરોજ પાઠકે આધુનિક વાર્તાઓ લખી છે. ઘટનાલોપ પણ નહીં અને ઘટનાની પ્રચુરતા પણ નહીં એવી વિશિષ્ટ વાર્તાશૈલી દ્વારા તેમણે માનવમનનાં અતાગ ઊંડાણોને નિરૂપતી અત્યંત સંવેદનસભર વાર્તાઓ આપી છે. સંવેદનશીલ અભિવ્યક્તિ તેમની વાર્તાઓની વિશિષ્ટતા છે. તેમનો પ્રથમ વાર્તાસંગ્રહ 'પ્રેમ ઘટા ઝૂક આઈ' (૧૯૫૯), 'મારો અસબાબ મારો રાગ' (૧૯૬૬), 'વિરાટ ટપકું' (૧૯૬૬), 'તથાસ્તુ' (૧૯૭૨), 'હુકમનો એક્કો' (૧૯૮૭) તથા તેમનો મરણોત્તર વાર્તાસંગ્રહ 'હું જીવું છું' (૧૯૯૦) પ્રગટ થયા છે. તેમજ રમણ પાઠક સાથે સંયુક્ત રીતે 'પ્રીત બંધાણી' (૧૯૮૧) વાર્તાસંગ્રહ આપ્યો છે.

નવલકથાક્ષેત્રે પણ તેમનું મહત્ત્વનું પ્રદાન છે. તેમની પ્રથમ નવલકથા 'નાઈટમેર' (૧૯૬૯) એ તેમની મનોવૈજ્ઞાનિક નવલકથા છે. સમગ્ર વિષયવસ્તુ ચૈતસિક સ્તરે ચાલે છે. આથી તેમાં સ્થૂળ ઘટનાઓ નથી. છતાં પાત્રોના બાહ્યજગતમાં જે કાંઈ બને છે તેની સાથે એક તંતુ બંધાય છે. સ્મૃતિ, સ્વગતોક્તિ, મનોમંથન વગેરેનો સરસ વિનિયોગ થયેલો છે. એ ઉપરાંત નિ:શેષ' (૧૯૭૯), 'પ્રિય પૂનમ' (૧૯૮૦), 'ઉપનાયક' (૧૯૮૬), 'વન્સમોર' (૧૯૮૭) વગેરે તેમની નવલકથાઓ છે.

'ગુજરાત મિત્ર' દૈનિકમાં સતત ૨૫ વર્ષ સુધી ચાલેલી તેમની કૉલમમાં તેમણે નારીજીવનની સમસ્યાઓને વાચા આપી હતી. તેમાંથી ચૂંટેલા લેખોના બે નિબંધસંગ્રહો 'સાંસારિકા' (૧૯૬૭) અને 'અર્વાચીના' (૧૯૭૫) છે. 'પ્રતિપથ' (૧૯૬૨) તેમનો અનુવાદ છે. સરોજ પાઠક સૂરતના 'નાટ્યકલાકેન્દ્ર' સાથે જીવનપર્યંત જોડાયેલાં રહેલાં. તેમણે ઘણાં નાટકોનું દિગ્દર્શન પણ કર્યું હતું. અને કેટલાંક નાટકોમાં યાદગાર ભૂમિકાઓ પણ ભજવેલી. આ વિષયના સંદર્ભમાં 'અહલ્યાથી એલિઝાબેથ' નામે તેમણે એકોક્તિ સંગ્રહ પ્રગટ કરેલો છે.

૧૬ એપ્રિલ, ૧૯૮૯ના રોજ બારડોલીમાં સરોજ પાઠકનું અવસાન થયું.

ઊર્મિલા ઠાકર

સંકલન : શ્રી ધ્રુવભાઈ જોશી

(સૌજન્ય : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ)



રિધ્ધિ હોસ્પિટલ
પ્રસુતિગૃહ, નર્સિંગ હોમ અને સોનોગ્રાફી ક્લીનીક તથા લેપ્રોસ્કોપી સેન્ટર
બુટભવાની મંદિર પાસે, યુનિસન એન્ટરપ્રાઇઝ (CEAT TYRE) ના ખાંચામાં, ગુંદાવાળો વાસ, વેજલપુર, અમદાવાદ.
હોસ્પિટલ ફોન : 079-26824001 મો.8320824852 → (ઇમરજન્સી માટે જ) મો. 9879629089
ડૉ. કોકિલ દવે
(એમ.બી.ડી.જી.ઓ.)
પ્રસુતિ અને સ્ત્રીરોગ નિષ્ણાંત
Reg. No. G-29665
Certified in Ultrasonography (Ob & Gy)
Basic (FOGSI) Advance (Bombay)
ઉપલબ્ધ સુવિધાઓ :
• પ્રસુતિગૃહ
• પેઇનલેસ ડીલીવરી (દર્દ રહિત પ્રસુતિ) ની સગવડ
• સ્ત્રીરોગ નિદાન અને સારવાર
• ગર્ભાશયનું ટાંકાવાળું, ટાંકા વગરનું તથા લેપ્રોસ્કોપીક ઓપરેશન
• વંધ્યત્વ નિવારણ કેન્દ્ર
• સોનોગ્રાફી ક્લિનિક
• તમામ પ્રકારના લેપ્રોસ્કોપી થી થતા ઓપરેશનની સગવડ
• સરકાર માન્ય કુટુંબ નિયોજન અને ગર્ભપાત કેન્દ્ર
અન્ય સુવિધાઓ :
• ડેન્ટલ વિભાગ
તમામ પ્રકારના દાંતના રોગોની સારવાર
• સર્જીકલ વિભાગ
બાળકો, સ્ત્રીઓ તથા પુરૂષોના સર્જીકલ ઓપરેશનની સુવિધા
• મેડીક્લેઇમની સુવિધા ઉપલબ્ધ
CamScanner




Homemade Product

સ્વદેશી અપનાવો દેશ ને આગળ વધારો

100% Hand made

# ચાર્વી નેચરલ હોમમેડ પ્રોડકટ્સ

આપના માટે ખાસ લાવ્યા છીએ. ચાર્વી નેચરલ હોમમેડ પ્રોડકટ્સ જેવી કે
પર્સનલ કેર, હોમ કેર, કેન્ડલ્સ,અને ચોકલેટસ્

પર્સનલ કેર પ્રોડકટ્સ
જુદા જુદા અર્ક માંથી બનેલ હોવાથી
તમારા વાળ તથા ચામડી ને
ખુબ જ ફાયદાકારક રહેશે.

આપણા શ્રીગૌડ બંધુઓને ઘરેથી,હોલસેલમાં કે ડીસ્ટ્રિબ્યુરશીપ
લેવી હોયતો પ્રથમ પસંદગી આપવામાં આવશે.

Shop Online Now
www.charvinatural.com

contact us
customercare@charvinatural.com 7778082221

Shop No.:-19,Vrundavan Residency-2
Nr.infocity Junior School,
Saragasan,Gandhingar-382421



CUSTOMER SATISFACTION 100% GUARANTEED



# સદાશિવ

## આયુર્વેદિક ક્લિનીક

**પંચકર્મ એન્ડ એક્યુપંચર સેન્ટર**

**ડૉ. તરૂણ શુક્લ**
બી.એસ.એ.એમ.

**ડૉ. નિર્જર ટી. શુકલ**
બી.એ.એમ.એસ., એફ.એ.જી.ઈ.
પીજી ડીપ્લોમા ઈન એક્યુપંકચર
પીજી સર્ટી ઈન પંચકર્મ

**શ્રીમા એન. શુક્લ**
એમ.એસ.સી. (1st Class)
બી.એ.એમ.એસ. (Cont.)

---

હાટડીયા બજાર, લુણાવાડા, જિ. મહીસાગર
સોમ થી શુક્ર સવારે ૯ થી ૧, સાંજે ૪ થી ૮, શનિ ૯ થી ૧

---

૫-બી, શ્રુતિ કુંજ સોસાયટી, વિભાગ-૧, ઈલાજ મેડીકલ સ્ટોરની બાજુમાં,
જુના રેલ્વે ક્રોસીંગની પાસે, મણિનગર પૂર્વ, અમદાવાદ.
બીજો અને ચોથો શનિ - રવિ સવારે ૧૧ થી સાંજે ૭

**Mobile : +91 99799 56633 94296 18855**

**E-mail : shadashiv.ayurvedic.clinic@gmail.com**
**Website : www.shadashivayurvedic.in**

## ઉપલબ્ધ સારવાર



| | | | | | |
|---|---|---|---|---|---|
| વાળ અને ચામડીના રોગોની સારવાર | ચામડી લટકી પડવી (રીંકલ) માટેની એક્યુપંચરથી સારવાર | અલ્પ વિકસીત સ્તનના વિકાસ માટે અધતન મશીન દ્વારા સારવાર | ટાલમાં વાળ લાવવા માટેની સારવાર | વાળના ખોડાની સારવાર, ખરતા વાળ અટકાવવાની સારવાર | આયુર્વેદિક પંચકર્મ (વમન, વિરેચન, નસ્ય, બસ્તિ, રક્ત મોક્ષણ) |
| કોઈપણ આડઅસર વગર વજન ઘટાડવા માટેની ઉત્તમ સરાવાર | પ્રસુતિ પછી વધતા પેટ અટકાવવાની સારવાર | તમામ પ્રકારના જુના હઠિલા રોગોની ઉત્તમ આયુર્વેદિક સારવાર ઉપલબ્ધ | સાંધાના તથા કમરનાં દુખાવા માટે સારવાર | ઈચ્છિત સંતાન પ્રાપ્તિ માટે પુંસવનન કર્મ | સાંધાના તથા કમરનાં દુખાવા માટે સારવાર |